Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-17, Issue-2, September-2023

# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત વાંચન અર્થગ્રહણ ક્ષમતા માપન કસોટીની રચના અને પ્રમાણીકરણ

**સ્નેહાબેન રાવલ**
રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

❖ **પ્રસ્તાવના**

માનવી એ સામાજિક પ્રાણી છે. આથી તે પોતાના મોટાભાગના વ્યવહારો સમાજમાં રહીને કરે છે. સુખ, દુઃખ, આશાઓ અપેક્ષાઓ, લાગણીઓ, ગમો, અણગમો વગેરે વ્યક્ત કરવા માટે ભાષાના માધ્યમનો ઉપયોગ કરે છે. આથી માનવી શાબ્દિક પ્રત્યયાનની પ્રક્રિયાનો સહારો લે છે. ભાષા શિક્ષણના મુખ્ય ચાર કૌશલ્ય શ્રવણ, કથન, વાંચન, લેખનછે. આ ચાર પ્રમુખ કૌશલ્યોમાં મહત્વનું કૌશલ્ય જો વાંચનને ગણીએ તો કંઈ ખોટું નથી. બાળકનો વિકાસ ભાષાના માધ્યમ દ્વારા થાય છે. શાળા કક્ષાએ બાળકોના ભાષા કૌશલ્ય પર વિશેષ મહત્વ આપવામાં આવે છે. જેની મદદથી શાબ્દિક પ્રત્યાયનના સંદેશાઓનું યોગ્ય અર્થગ્રહણ થાય છે. આ અર્થગ્રહણ પર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ, જાતીયતા, માતા પિતાના અભ્યાસની પણ અસર પડે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને સંશોધકે વાંચન અર્થગ્રહણના ક્ષેત્રમાં સંશોધન કરવાનું ઉચિત સમજયુ હતું.

❖ **સમસ્યા કથન**

શાળાના બાળકો સમક્ષ તે❖ અર્થગ્રહણ કરી શકે તેવી વાંચન સામગ્રી1. મૂકવી જોઈએ. તેથી મુકેલી વાંચન સામગ્રી તેણે કેટલી અંશે અર્થગ્રહણ કરી તે મુજબ શિક્ષકે તપાસતા રહેવું જોઈએ. આવી તપાસ માટે શિક્ષક પોતાની સમજ અનુસાર નાનામાં નાના મોટા પ્રયત્નો કરતો રહે છે. જેને શિક્ષણની ભાષામાં કસોટી અથવા મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ. સામાન્ય રીતે મૌખિક કરતા લેખિત મૂલ્યાંકનને શિક્ષણમાં વધુ મહત્વ અપાયું છે. આથી બાળક વાંચેલી વાંચન સામગ્રી પરથી તેની અર્થ ગ્રહણક્ષમતા તપાસવા માટે શિક્ષક વિવિધ કસોટીઓનોસહારો લે છે. આવી પ્રમાણભૂત કસોટીના આધારે તેઓ અર્થગ્રહણક્ષમતા તપાસે છે. સંશોધકે સંશોધન માટે સંસ્કૃત ભાષા પસંદ કરી તેનું કારણ સંસ્કૃત ભાષાની ભાષાકીય મહત્વ છે. આમ પણ સંસ્કૃત એ ભારતીય ભાષાઓમાં સૌથી પ્રાચીન ભાષા છે. તથા આધુનિક ભારતીય ભાષાઓની જન્મદાત્રી છે. ભારતમાં બોલાતી વિભિન્ન પ્રાદેશિક ભાષાઓના શબ્દ ભંડાર વ્યાકરણ સાહિત્ય વગેરે પણ સંસ્કૃત ભાષાની સ્પષ્ટ અસર થાય છે. સંસ્કૃત વિષયમાં બાળકની અર્થગ્રહણ ક્ષમતાની કક્ષા જાણી તેના વિકાસ માટે યોગ્ય પગલાં લઈ શકાય તે માટે સંશોધકે આ ક્ષેત્રે સંશોધન કાર્ય કરવાનું વિચાર્યું.

**અભ્યાસના હેતુઓ**

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીની રચના કરવી.

**વાંચન**

વાંચન શબ્દની ઉત્પત્તિ વિશે વિચારીએ તો વાક્ ધાતુ પરથી સંસ્કૃત ભાષાનો શબ્દ વાણી કથન કે બોલવું એવો અર્થ થાય. વાંચનની પ્રક્રિયા શબ્દોના અર્થગ્રહણ સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. વાંચન એટલે લિપિ ચિન્હોની ઓળખ તેનું યોગ્ય અર્થઘટન અને તેની સફળ અભિવ્યક્તિ.

❖ **વાંચનઅર્થગ્રહણ**

**હોલ અને વિલ્સનના મતે- "વાંચન સામગ્રીની ઝીણવટભરી,વિગતો વિશિષ્ટ રીતે વ્યકત થયેલી હકીકતોનની સમજ,તેના ક્રમની યાદ અને તેનું પુનઃ કથન સમાવિષ્ટ થાય છે."**આમ, વાંચન અર્થગ્રહણએ માનસિક પ્રક્રિયા છેજેમાં વાચક અને વાંચનનું સામગ્રી વચ્ચે આંતરક્રિયા થાય છે. આ પ્રક્રિયામાં શબ્દના અર્થની પ્રાપ્તિ વાક્યનાં કે વાંચન સામગ્રીના સંદર્ભમાં થાય તો જ વાચક જે વાંચે છે તેનો અર્થ તેને સમજાય છે અને ત્યારે જસાચું અર્થગ્રહણ થાય વાંચન અર્થગ્રહણ પર વ્યક્તિક ભિન્નતાની ખાસ અસર કરે છે

❖ **વાંચનઅર્થગ્રહણના ઘટકો**

**એફ,બી. ડેવીસે (1944)** માં પોતાના**"fundamental factors of comprehension in reading"**નામના લેખમાં નીચે પ્રમાણેના કૌશલ્યના અર્થ આપેલા છે.

(1) શબ્દાર્થનું જ્ઞાન

(2) શબ્દસમૂહનું તેના વિશિષ્ટ સંદર્ભમાં યોગ્ય અર્થ પસંદ કરવાની શક્તિ

(3) પરિચ્છેદનું સંગઠન અને તેની પૂર્વેના લખાણની ઓળખ અને સંદર્ભ સમજવાની શક્તિ.

(4) પરિચ્છેદના મધ્યવર્તી વિચારને પસંદ કરવાની શક્તિ.

(5) પરિચ્છેદમાં વિશિષ્ટ રીતે જવાબો આપ્યા હોય તેવા પ્રશ્નોના જવાબો આપવાની શક્તિ.

(6) પરિચ્છેદમાં જવાબો આપ્યા હોય તો પણપરિચ્છેદના શબ્દો સિવાયના શબ્દોમાં જવાબ આપવાનીશક્તિ.

(7) પરિચ્છેદના વસ્તુ વિશે અનુમાન તારવવાની શક્તિ.

(8) પરિચ્છેદમાં વપરાયેલ સાહિત્યિક પ્રયુક્તિ ઓળખવાની અને તેનો ભાવ થતાં આશય નક્કી કરવાની શક્તિ.

(9) લેખકનોહેતુઇરાદોઅનેદ્રષ્ટિકોણ નક્કી કરવાનીશક્તિ.

આમ આ પરથી અર્થગ્રહણ એટલે વાંચન સામગ્રીમાં રજૂ થયેલ સૂક્ષ્મતમ બાબતોને તેના પૂર્વાપર સંબંધમાં યોગ્ય રીતે સમજવાની પ્રક્રિયા.

❖ **અભ્યાસના ચલ**

| ક્રમ | ચલ | ચલનોપ્રકાર | ચલની કક્ષા |
|---|---|---|---|
| 1 | જાતિયતા | સ્વતંત્ર | (1)કુમાર (2) કન્યા |
| 2 | ધોરણ | સ્વતંત્ર | 9,10 |
| 3 | અર્થગ્રહણકસોટીના આંક | પરતંત્ર ચલ | - |
| 4 | માધ્યમ | નિયંત્રિત ચલ | ગુજરાતી માધ્યમ |

❖ **વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકેઅમદાવાદ શહેરનીમાધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

❖ **નમૂનો**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રિત કરવા માટે અમદાવાદ શહેરની માધ્યમિક શાળાની પસંદગી કરવામાં આવી હતી. અને નમૂના પસંદગી માટે સંશોધકે શાળાની પસંદગી યાદચ્છિક રીતે અને વિદ્યાર્થીઓની પસંદગી ઝૂમખાં નમૂના પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નિદર્શ તરીકે પાત્રોની સંખ્યા 240 રાખવામાં આવી હતી.

❖ **સંશોધનની પધ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધનની સર્વેક્ષણની પધ્ધતિ તરીકે ઉપયોગમાં લેવામાં આવી હતી.

❖ **અભ્યાસનીઉત્કલ્પના**

**$Ho_1$** માધ્યમિકશાળામાંઅભ્યાસકરતાકુમાર અનેકન્યા વિસ્તારનાવિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$** માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાધોરણ 9 અને ધોરણ 10ના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

❖ **ઉપકરણ**


પ્રસ્તુત સંશોધન માટે સંસ્કૃત વાંચન અર્થગ્રહણ કસોટીનો ઉપયોગ કરવાનો હોવાથી સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટી સંશોધકે વિધિવત રચના કરી હતી.સ્વરચિત સંસ્કૃત વાંચન અર્થગ્રહણ કસોટીની વિશ્વસનિયતા નીચે મુજબ આપેલ છે.

| ક્રમ | પ્રકાર | સહ સંબધાંક |
|---|---|---|
| 1 | કસોટી પુન:કસોટી વિશ્વસનીયતા | 0.92 |
| 2 | અર્ધ વિચ્છેદ | 0.79 |
| 3 | ક્રોનબેક- વિશ્વસનીયતા | 0.80 |

**સારણી નંબર 1**

**માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ 9 અને ધોરણ 10ના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની ચકાસણી અને t-મૂલ્ય**

| ધોરણ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | t -મૂલ્ય |
|---|---|---|---|---|
| 9 | 120 | 159.88 | 14.51 | 5.744 |
| 10 | 120 | 164.27 | 11.84 | |





**સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોનો આલેખક્રમાંક- 1**

માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ 9 અને ધોરણ 10ના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેના તફાવત માટેનું t- મૂલ્ય 5.744 છે. જે 0.01 કક્ષાએ સાર્થક છે ધોરણ 9 કરતાં ધોરણ 10ના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણક્ષમતા વધુ છે. આમ ઉંમર વાંચન અર્થગ્રહણ પર અસર કરનાર પરિબળ છે.

**સારણી ક્રમાંક-2**

**માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા કુમાર અને કન્યાના સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની ચકાસણી અને t-મૂલ્ય**

| જાતિયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | t -મૂલ્ય |
|---|---|---|---|---|
| કુમાર | 120 | 162.85 | 12.49 | 2.005 |
| કન્યા | 120 | 161.30 | 14.25 | |



**કુમાર અને કન્યાના સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોનો આલેખ ક્રમાંક 2**

માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાના સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેના તફાવત માટેનું t- મૂલ્ય 2.005 છે. જે 0.01 કક્ષાએ સાર્થક છે.આમ કુમાર કરતાં કન્યાની સંસ્કૃત વિષયની વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઓછી છે. આમ જાતિયતા વાંચન અર્થગ્રહણ પર અસર કરનાર પરિબળ છે.

❖ **તારણો**

(1) ધોરણ 9 અને ધોરણ 10ના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અહીં ધોરણ 10ના વિદ્યાર્થીઓની ધોરણ 9ના વિદ્યાર્થીઓ કરતાં વાંચન અર્થગ્રહણ ક્ષમતા ચડિયાતી જોવા મળે છે.

(2) માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. કન્યાઓ કરતાં કુમારોની વાંચન અર્થગ્રહણ ક્ષમતા ચડિયાતી જોવા મળે છે.

(3) પ્રસ્તુત કસોટીની વિશ્વસનીયતા આંકની કિમતો 0.77 થી 0.93 સુધીની મળે છે. જે કસોટીની વિશ્વસનીયતાની કિમતો ઘણી જ સાર્થક જોવા મળે છે. જે કસોટીની વિશ્વસનીયતા દર્શાવે છે.

❖ **સંદર્ભસૂચિ**


- ઉચાટ, ડી. એ. (2009). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. રાજકોટઃ સાહિત્ય મુદ્રણાલય
- ઉચાટ, ડી. એ. શિક્ષણ અને સામાજીક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર (દ્રિતીય આવૃત્તિ). રાજકોટ: પારસ પ્રકાશન
- દેસાઇ, કે. જી. અને આર. પી. શાહ અને અન્ય (1992). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
- પટેલ, આર. એસ. (2012). સંશોધનની પાયાની સંકલ્પનાઓ (દ્રિતીયઆવૃત્તિ) અમદાવાદ: જય પબ્લિકેશન
- પારેખ, બી. યુ. (1994). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
- રાવલ, એન અને અન્ય માતૃભાષનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ.
- Wilson Robert M. and MaryneeHall,Reading the Elementry School Child,New York :Van Nostrand Re in Hold Company,1972.